ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો પારો ૧૫.૫ પર ઉતર્યો

## પાટનગરમાં ઠંડીનો વહેલો પ્રારંભ : જમ્મુ કાશ્મિર, હિમાચલમાં થયેલી હિમવર્ષાના પગલે ઠંડીની શરૂઆત





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧૧

પાટનગરમાં ગઈકાલથી ઠંડીનો ચમકારો વધ્યો છે. લઘુત્તમ તાપમાનમાં એક જ દિવસમાં ત્રણ ડિગ્રીનો ઘટાડો થતા વસાહતીઓને ગરમ વસ્ત્રોમાં લપેટાવાની ફરજ પડી છે.

આ વર્ષે ઠંડીનો પ્રારંભ વહેલો થયો છે. છેલ્લા કેટલાક દિવસોથી વહેલી સવારે અને રાત્રીના સમયગાળા દરમિયાન ઠંડીનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. જેમાં ક્રમશઃ વધારો થઈ રહ્યો છે. આજે ઠંડીનો ચમકારો વધુ અનુભવાયો હતો. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી હતું. જેમાં ત્રણેક ડીગ્રી જેટલો ઘટાડો થતા લઘુત્તમ તાપમાન આજે ૧૫.૫ ડિગ્રી નોંધાયું હતું. રાત્રે તો આઠ નવ વાગતા સુધીમાં તો માર્ગો સાવ સુમસામ થઈ ગયા હતા.

ઠંડીના પ્રથમ ચમકારાની અસર જનજીવન પર થઈ હતી. મોટા ભાગે ૧૫મી નવેમ્બર બાદ શિયાળાનો પ્રારંભ થતો હોય છે પરંતુ આ વખતે તેનો વહેલો પ્રારંભ થયો છે. ધીમે ધીમે શિયાળો જામી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં હાલમાં જ હિમવર્ષા થઈ છે. જેની સીધી અસર અહીં જોવા મળી રહી છે. હવામાન ખાતાના જણાવ્યા અનુસાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ ઠંડીનો પ્રારંભ વહેલો થયો છે. હજુ ૨ થી ૩ દિવસમાં તાપમાન નીચું જવા અંગે હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે. પવનની ગતિ વધારે હોઈ ઠંડીનો અનુભવ વધુ થઈ રહ્યો છે. ગરમ વસ્ત્રોનું વેચાણ ધીમે ધીમે વધી રહ્યું છે. અને લોકોએ તેનો ઉપયોગ પણ શરુ કરી દીધો છે.

# જિલ્લા-તાલુકાની અદાલતોમાં ૨૩મીએ લોક અદાલત યોજાશે

## સમાધાનના કેસો મુકવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળનો સંપર્ક કરવા સૂચન

ગાંધીનગર, તા. ૧૧

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા સમગ્ર દેશમાં ૨૩ નવેમ્બરના રોજ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લા તેમજ તાલુકાની અદાલતોમાં પણ આ અન્વયે લોકઅદાલત યોજવામાં આવશે.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ તેમજ પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ જી.કે. ઉપાધ્યાયના જણાવ્યા મુજબ રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આગામી તા. ૨૩ નવેમ્બરના રોજ દેશમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે ગાંધીનગર જિલ્લા તેમજ તાલુકામાંની અદાલતોમાં પણ લોકઅદાલત યોજવામાં આવશે જ્યારે લોક અદાલતમાં પક્ષકારોએ તેમના સમાધાનપાત્ર કેસો મુકવા માટે જિલ્લા તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરવા જણાવાયું છે. લોકઅદાલતમાં પક્ષકારોને કોર્ટ ફી, રીફંડ લીગલ સર્વિસ ઓથોરીટી એક્ટ અન્વયે નિયમ મુજબ મળવાપાત્ર રહેશે તેમ પણ તેમણે જણાવ્યું છે.

# આવતીકાલે ગાંધીનગરથી ખેલ મહાકુંભની મશાલરેલી આરંભાશે

ગાંધીનગર, તા.૧૧

રમશે ગુજરાત, જીતશે ગુજરાતના નારા સાથે આખું ગુજરાત રમતના મેદાનમાં ઉમટી પડે છે એવા ખેલ મહાકુંભ-૨૦૧૩ની શરૂઆત મશાલ રેલીના -સ્થાનથી થશે. રાજયના નાણા અને આરોગ્ય વિભાગના મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ તા. ૧૩ નવેમ્બર, ૨૦૧૩ના રોજ બપોરે ૩.૦૦ કલાકે ગાંધીનગર ખાતેથી મશાલ રેલીને -સ્થાન કરાવશે.

આગામી તા. ૨૩ નવેમ્બરથી તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૧૩ દરમિયાન યોજાનારા ખેલ મહાકુંભ-૨૦૧૩ની મશાલ રેલીનું -સ્થાન ગાંધીનગરના સેકટર-૧૭માં આવેલા ટાઉનહોલ ખાતેથી થશે. આ -સંગે મુખ્ય મહેમાનપદે રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતા અને રમતગમત, યુવા સાંસ્કૃતિક -વૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરા, ગૃહ રાજય મંત્રી શ્રી રજનીકાંત પટેલ, જળસંપત્તિ અને રમતગમત યુવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓ રાજય મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી, ગંધીનગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા,, ધારાસભ્યો સર્વશ્રી અશોકભાઈ પટેલ અને શંભુજી ઠાકોર ઉપસ્થિત રહેશે, તેમ સચિવ શ્રી ભાગ્યેશ જહા અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેકટર શ્રી સંદીપ -ધાનની સંયુકત યાદીમાં જણાવાયું છે.

# સે-૧ તળાવ વિસ્તારમાં ગંદકી દૂર કરવા ૧૫ ડસ્ટબીન મુકાયા

## પીકનીક સ્પોટ સમાન તળાવ વિસ્તારમાં ગમે ત્યાં કચરો ફેંકાય છે





ગાંધીનગર, તા.૧૧

સે-૧ સ્થિત નવ નિર્મિત તળાવને પીકનીક સ્પોટ તરીકે વિકસાવાયા બાદ તળાવ વિસ્તારમાં ગંદકીની સમસ્યાને ડામવા તંત્ર દ્વારા ૧૫ ઠેકાણે ડસ્ટબીન મુકી દેવાયા છે. સહેલાણીઓ જયાં ત્યાં કચરો નાંખીને ગંદકી ન કરે તે માટે ડસ્ટબીન જગ્યા પર ફીકસ થાય તે મુજબ ગોઠવી દેવાયા છે.

સે-૧ના નવનિર્મિત તળાવને વિકસાવવા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. વર્ષોના અંતે તળાવ વિકાસની કાર્યયોજનાને હજુ આખરી ઓપ આપવાનું કામ બાકી છે. પરંતુ ચોમાસા દરમિયાન તળાવમાં વરસાદી પાણીનો ભરાવો થતા તળાવની રોનક નિખરી છે. બીજી તરફ તળાવ આસપાસ ઉદ્યાન વિકસાવાતા પીકનીક સ્પોટનું આકર્ષણ બની ગયું છે. તળાવ આસપાસના વિસ્તારમાં તંત્ર દ્વારા હરિયાળા બગીચાનું નિર્માણ કરવામાં આવ્યું છે. તળાવની રોનક નિખરતા સહેલાણીઓની સંખ્યા વધતી જાય છે. આવા સંજોગોમાં તળાવ તેમજ આસપાસના વિસ્તારમાં ગંદકી થતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી હતી. બગીચામાં પણ ગમે ત્યાં કચરાના ઢગ ખડકાતા ગંદકીની સમસ્યાએ આ વિસ્તારને ઘેરી લીધો છે. આ સ્થિતિને ધ્યાને લઈ પાટનગર યોજના વિભાગ દ્વારા તળાવ વિસ્તારમાં વિવિધ ૧૫ જેટલા પોઈન્ટ નક્કી કરી ડસ્ટબીન મુકવામાં આવ્યા છે. જેથી નિયત સ્થળે કચરો એકત્રિત થતા ગંદકીની સમસ્યા હલ થઈ શકશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.જયારે તળાવ આસપાસ ડસ્ટબીન ફીકસ કરી દેવાયા છે. જેથી તેને અન્ય જગ્યાએ કોઈ ખસેડી પણ નહીં શકે.

# ટોરેન્ટ પાવરના ભાવ વધારાની હીલચાલ ગેરવ્યાજબી : મહામંડળ

## અરજદારોની રજૂઆતનો જવાબ પણ આપ્યો નથી !

ગાંધીનગર, તા. ૧૧

ટોરેન્ટ પાવર દ્વારા સુરતમાં ગેસનો પ્લાન્ટ નાંખવામાં આવનાર છે. જેમાં ટોરેન્ટને રૂ. ૨૬૦ કરોડનો ખર્ચ થાય તેમ છે. જ્યારે આ ખર્ચ ટોરેન્ટ કંપની ગાંધીનગર અને અમદાવાદના રહીશોના માથે નાંખવાની પેરવી કરી હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.

જે અંતર્ગત ટોરેન્ટ પાવરે (જર્ક) ગુજરાત વીજ નિયમન યુનિટ દીઠ ૫૦ પૈસાનો વધારો કરવા અગાઉ અરજી પણ કરી છે. જેની સામે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અપીલ કરવામાં આવી હતી. આ ભાવ વધારો ન થાય તે માટે માંગણી કરવામાં આવી હતી. આ અપીલનો કોઈપણ પ્રકારનો પ્રતિ ઉત્તર આપ્યા વગર જ જર્ક દ્વારા તા. ૧૨ નવેમ્બરે સુનાવણી કરવામાં આવનાર છે. ત્યારે આ મામલે જવાબ આપ્યા વગર જ સુનવણી ગોઠવી દેવાતા જર્ક દ્વારા ટોરેન્ટ પાવરને ભાવવધારાના મામલે પ્રોત્સાહક બળ પુરૂ પાડવામાં આવ્યું હોય તેવું ચિત્ર ઉપસી આવ્યુ ંછે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે જણાવ્યું હતું કે સુરતના પ્લાન્ટમાંથી ગાંધીનગર કે અમદાવાદના રહીશોને ગેસ મળવાનો હોય તો જ આ પૈસા વસુલ કરવા જોઈએ. જ્યારે અપીલ સંદર્ભે કોઈ પ્રતિઉત્તર આપ્યા વગર સુનાવણીની પ્રકીયા હાથ ન ધરાવી જોઈએ તેમ પણ તેમણે જણાવ્યું હતું. ગાંધીનગર અમદાવાદના રહીશો પર બિનજરૂરી ભાવવધારાનું ભારણ નાંખવાની હીલચાલ સામે પણ તેમણે આક્રોશ વ્યક્ત કર્યો છે. જ્યારે સુરત પ્લાન્ટનો ગેસ ગાંધીનગર અમદાવાદને અપાશે કે કેમ તે પણ સ્પષ્ટ ન થયું હોવાના મામલે તેમણે પ્રશ્ન ઉઠાવ્યો છે. હાલના તબક્કે આ સુનાવણી ટાળવા પણ તેમણે માંગણી કરી છે.

# ગાંધીનગર શહેર કોંગ્રેસનું ૧૪મીએ સ્નેહમિલન સંમેલન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી જશુભા રાણા, શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી મુકેશ પટેલ, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી શ્રીમતી હિનાબેન પટેલ અને ગાંધીનગર મહાનગર પાલિકાના પક્ષના નેતા શ્રી ચિમનભાઈ વિંઝુડા સંયુક્ત યાદીમાં જણાવે છે કે, સૌ નગરજનો, ગ્રામ્યજનોને દિવાળી પર્વ અને નવા વર્ષની શુભ કામનાઓ અને નૂતન વર્ષાભિનંદન.

વધુમાં તા. ૧૪-૧૧-૨૦૧૩ને ગુરૂવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે ટાઉનહોલ સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ અને ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને સ્નેહ મિલન કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તો આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેર અને ગાંધીનગર જિલ્લાના આગેવાનો, જુદા જુદા સેલના હોદ્દેદારો, શહેર જિલ્લાના કોંગ્રેસના તમામ હોદ્દેદારોએ, સેવા દળ, જિલ્લા અને શહેર મહિલા કોંગ્રેસ, યુવા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ., તાલુકા કોંગ્રેસ, ઝોન પ્રમુખશ્રીઓ અને તમામ કાર્યકરો હાજર રહેશે.

# દેવદિવાળીથી સતત એક મહિનો લગ્નની મોસમ

## ગાંધીનગરના માર્ગો અને લગ્નવાડીઓ બેન્ડવાજાના શોરથી ગુંજી ઉઠશે : લગ્નવાડીઓ હાઉસફુલ

ગાંધીનગર, તા. ૧૧

દિવાળી બાદ ખુલેલા બજારોમાં હવે ધીમે ધીમે લગ્ન સિઝનની ઘરાકી શરૂ થશે. દેવ દિવાળી બાદ સારા મુહૂર્ત શરૂ થતા લગ્નોની સીઝન પુરબહારમાં ખીલશે. લગભગ એક મહિના સુધી શહેરમાં બેન્ડવાજાના સુર ગુંજી ઉઠશે.

દેવપોઢી અગિયારસ બાદ કમુરતા શરૂ થતા લગ્ન જેવા શુભકાર્યો બંધ હતા. લોકો તહેવારોની ઉજવણીમાં વ્યસ્ત બન્યા હતા. દિવાળીના તહેવારો બાદ સૌ કોઈ રજાના મુડમાં હતા. ગાંધીનગરમાં હજુ શનિવારે સાતમથી જ દુકાનો શરૂ થઈ છે. દુકાનદારો હવે લગ્નની સીઝનના ઘરાકોની રાહ જોઈ રહ્યા છે. આગામી તા. ૧૭મી નવેમ્બરે દેવદિવાળીની ઉજવણી થશે. દેવદિવાળી બાદ લગ્નના મુહૂર્ત શરૂ થતા હોવાથી લગ્નની સીઝન પુરબહારમાં ખીલશે.

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૨૩માં 'ઘ' કક્ષાના મકાનોનું રીનોવેશન કરાશે : અડધા કરોડનો ખર્ચ

## સે. ૨૮ અને ૨૯માં પણ મકાનોની મરામત કરાશે

ગાંધીનગર, તા. ૧૧

સે. ૨૩ તેમજ સે. ૨૮ અને ૨૯માં સરકારી મકાનોની મરામત પાછળ રૂ. ૧ કરોડનો ખર્ચ થશે. આમ મરામતના આ કામો હેઠળ સે. ૨૩ સ્થિત 'ઘ' કક્ષાના ૩૬ મકાનોનું રીનોવેશન હાથ ધરાશે.

શહેરના સેક્ટરોમાં સ્થિત સરકારી આવાસોના મરામતનું કામ તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. ઘણાં લાંબા સમય બાદ સેક્ટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસોના કામોને મંજુરી આપવામાં આવે છે. શહેરમાં હજુ મકાનોની મરામતની કામગીરી અન્વયે ૬૦ ટકા કામ બાકી છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન માત્ર ૪૦ ટકા મકાનોને રીનોવેશન હેઠળ આવરી લેવાયા હોવાનું ધ્યાને આવ્યું છે. એકબાજુ અફસરો માટે નવા બંગલા બનાવવામાં આવી રહ્યા છે ત્યારે સરકારી કર્મચારીઓને માથે સલામત છત પુરી પાડવા દાયકાઓ જૂના આવાસોનું મજબૂતીકરણ હાથ ધરવામાં આવ્યું છે. આવાસ રીનોવેશન અન્વયે સે. ૨૩માં 'ઘ' કક્ષાના ૩૬ મકાનોનું સ્પેસ્યલ રીપેરીંગ કામ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત સે. ૨૮ અને ૨૯માં પણ વિવિધ કેટેગરીના મકાનોના રીપેરીંગનું કામ હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રકીયા પણ હાથ ધરી દેવાઈ છે. શહેરમાં સરકારી આવાસોની મરામત માટે તબક્કાવાર નવા કામો હાથ ધરવામાં આવી રહ્યા છે.


વ્હાલા સ્વજનો તથા મતદાર ભાઈ-બહેનો
નવલું વર્ષ આપને આપના પરિવારને લાભદાયી, ફળદાયી, યશસ્વી નિવડી દીર્ઘાયુ બક્ષે તેવી પ્રાર્થના.

મોયદવાસ નાથાજી ગ્રામ પંચાયત
પો. મોયદ, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા



પટેલ વર્ષાબેન વિપુલકુમાર – સરપંચશ્રી – ૯૪૨૭૯ ૮૩૪૩૫
રાઠોડ સુરજસિંહ સોમસિંહ – ઉપસરપંચશ્રી – ૯૯૦૯૮ ૦૭૦૦૬
પટેલ વિપુલકુમાર ભોગીલાલ – પૂર્વ સરપંચશ્રી – સભ્યશ્રી

રાઠોડ હિતેન્દ્રસિંહ દિલીપસિંહ – સભ્યશ્રી
રાઠોડ બિપીનસિંહ ભીખુસિંહ – સભ્યશ્રી
પટેલ મુશીબેન શૈલેષભાઈ – સભ્યશ્રી
વણકર અમતરભાઈ જેઠાભાઈ – ન્યાય સમિતિ ચેરમેનશ્રી – સભ્યશ્રી
ચૌહાણ કાનાજી વરવાજી – સભ્યશ્રી
પટેલ કૈલાસબેન બકાભાઈ – સભ્યશ્રી
રાઠોડ બળવંતસિંહ તખતસિંહ – સેવક
રાઠોડ વિક્રમસિંહ સોમસિંહ – બોર ઓપરેટર
રાઠોડ મદનસિંહ જગતસિંહ – તલાટી કમ મંત્રીશ્રી – ૯૯૭૯૨૫૭૦૮૩
વણકર જિજ્ઞેશકુમાર ઈશ્વરભાઈ – બોર ઓપરેટર

નૂતન વર્ષાભિનંદન
રાહુલ-સપના
S.K.
ભગવાન વગા, ઉમરેઠ




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com